# ટ્રેક નં. ૩ : પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી વિષે

✻ આપણા પરમ ઉદ્ધારક, મુક્તિના દૂત એવા પૂજ્ય શ્રી ગુરુદેવશ્રી કાનજીસ્વામી વિષે સાંભળીએ બેનશ્રીના શ્રીમુખેથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : એ....જનમ લીધો એક જોગીએ અને દેવા આતમ વાત,
એ...કુળ મોતીચંદ ધન્ય બન્યું ને ધન્ય ઉજમબા માત.
પણ રે પેઢી પાલેજની છોડી એણે અને માંડી માંડી જ્ઞાનની હાટ,
એ....દીક્ષા ચોવીસમેં ધરી લીધી, એ.... અને લીધી એણે સત્યની વાટ,
એ..ઘેર મોતીચંદને ભયો આનંદને જનમ લીનો લીનો શ્રીગુરુ કહાન,
ઉજમબા નંદ ને તોડ્યા ભવફંદ, ને જગમાં કાર્ય કિયો રે મહાન (૩)

✻ **પ્રશ્ન : ગુરુદેવ જ્ઞાયક બતાવતા હતા સામાન્ય ધ્રુવ કે પછી એવું ચિત્ર એ કંઈ મગજમાં નહોતું આવતું.**

● ઉત્તર : (ગુરુદેવે) દિશા ફેરવી નાખી. બધા જીવનના પલટા કર્યા. દૃષ્ટિ ફેરવાવી. પછી અંતરથી કરવું એ પોતાને રહી જાય છે. પંચમકાળમાં ગુરુદેવ જન્મ્યા અને એનું આટલું સાન્નિધ્ય મળ્યું એ મહા ભાગ્યની વાત છે.

✻ **પ્રશ્ન : ખરેખર પંચમકાળનું અછેરૂં છે. આ કાળે ગુરુદેવ અહીંયા પધાર્યા. માતાજી અહીં પધાર્યા. વિદેહની આખી અહીંયા રચના કરી.**

● ઉત્તર : વાણી વરસાવી ગુરુદેવે. પાછું એક સ્થાને રહીને આટલા વર્ષો વાણી વરસાવી એ તો ભાગ્યે જ આ પંચમકાળમાં બને છે. વિહાર કર્યો. ગુરુદેવે વિહાર પણ કર્યો અને આટલા કાળ સુધી વાણી વરસાવી. કોઈ જંગલમાં હોય, ક્યાંય હોય, ગુરુદેવ તો આ કાંઈ પંચમકાળમાં આ કંઈ જુદું જ છે. (આખું જુદું થયું) ગુરુદેવ ઉપદેશ આપે, એમનું સાનિધ્ય જે મળ્યું. જ્ઞાયકનું સાનિધ્ય સાચું છે. શાસ્ત્રના અર્થો ઉકેલ્યા ગુરુદેવે આ કાળમાં. એક એક શાસ્ત્ર ઉપર ગુરુદેવે કેટલી કેટલીવાર પ્રવચન કર્યા. ગુરુદેવ જાગ્યા એટલે આખું

બધું પલટાણું. બધાની દિશા પલટાણી.

❀ બહેનશ્રી : નિસ્પૃહ રીતે વહોરવા જાય. આમ જરી ભૂલ થાય તો વીજળીના ઝબકારાની જેમ આમ આંગણામાં આવે અને કંઈક થઈ જાય તો એકદમ પાછા વળી જાય. એટલો એમનો ક્રિયાકાંડ. આમ બધા એમને વહોરાવતી વખતે એમના પાત્રની અંદર નાખતા ધ્રૂજતા કે રખેને ભૂલ પડી જાય ને ક્યાંક વયા (જતા રહેશે) જાશે એ (ગુરુદેવ) પૂછે કે પહેલાં કોઈ વહોરવા આવ્યું હતું? એમ પૂછે અને એમને શંકા પડે, જો કાંઈક આવી ગયું હોય તો એકદમ આમ પાછા ફરી જાય. એકદમ આમ ઊભા હોય અને એવા પાછા ફરી જાય. આમ બધાને, ઓલાને આઘાત થઈ જાય, પણ (પાછા ન આવે) એટલી એમની સંપ્રદાયની અંદર પ્રખ્યાતિ અને એકદમ છોડીને (સંપ્રદાય) ચાલ્યા ગયા. એટલો એ બધાએ કકળાટ કર્યો સંપ્રદાયમાં તેમના પરિવર્તનના દિવસે.

✻ પ્રશ્ન : ગામોગામ જતા ?

● ઉત્તર : ગામોગામ. જાણે કાનજીસ્વામીનું વ્યાખ્યાન એટલે ટોળાને ટોળા ઉભરાય. સંપ્રદાયમાં. ત્યાં તો સંપ્રદાયમાં વહેલું બહુ વ્યાખ્યાન હોય. સાત વાગ્યામાં. તો માણસો જઈ જઈને જગ્યા માટે પાંચ-પાંચ વાગ્યાની અંદર પાથરણા પાથરી દે. અહીંયા પણ મંદિરમાં પૂજા હોય ત્યારે પાથરણા પાંચ-પાંચ વાગ્યાથી પથરાય છે જગ્યા માટે થઈને. આગળ જગ્યા માટે થઈને. માણસો તો સંપ્રદાયમાં ટોળેટોળા આવે. ક્યાંય જગ્યા ન મળે. સંપ્રદાયમાં તો લોકો ઉભરાય એમના (ગુરુદેવના) વ્યાખ્યાનમાં. શેરીમાં માણસો સાંભળે. એમાંથી એકદમ ફેરવી નાખ્યું. એમનું વ્યાખ્યાન જોરદાર. પણ એકલું ક્રિયાકાંડ ઉપર સંપ્રદાયમાં. એ સંપ્રદાયમાં તો એવી છાપ પડી ગઈ હતી. પહેલાં તો શરૂ શરૂમાં આ માર્ગ જુદો. દિગંબર માર્ગ સાચો એ પછી બેઠું ને તે. એટલે એમકે આ પ્રમાણે જ આપણે પાળીએ તો જ સાધુપણું લીધું બરાબર કહેવાય.

શ્વેતામ્બર શાસ્ત્રમાં આવે તે પ્રમાણે કૃત, કારિત, અને અનુમોદના તરીકે આહારમાં કાંઈ ભૂલ પડવી ન જોઈએ એવી સખત ક્રિયા. સંપ્રદાયમાં તો કોઈના ઘરમાં પ્રવેશ કરે અને કાંઈક ભૂલ પડે તો એકદમ વયા જાય. લોકોને એમ લાગે કે આ શું? આપણા ઘરે આ મહાપુરુષ આવ્યા અને ઝબકારો થઈ ગયો એવું લાગે. એટલો આઘાત લાગે કે એ માણસનો રડવામાં જ આખો દિવસ જાય. વયા (ચાલ્યા) જાય તો. પણ કોઈની દયા ન ખાય એવી સખત ક્રિયા. આહારનો સમય થાય ત્યારે શેરીએ શેરીએ ને ગલીએ ને ગલીએ માણસોના ટોળા ઊભા હોય. જેમ ચોથા કાળમાં આહારને ટાણે માણસો મુનિને આહાર દેવા દરવાજે ઊભા હોય ને! ઓલા રાજા, મહારાજા બધાંય ઊભા હોય, શેઠિયા મોટા દરવાજે ઊભા હોય રાહ જોવા. મુખ્યત્વે શેઠિયાઓ જ ઊભા હોય. ઘરના મુખ્ય માણસો જ ઊભા હોય. ઘરના મુખ્ય માણસો કહે ત્યારે ગુરુદેવ આવે. બીજા કહે તો બીજે પણ જાય. પણ એવા મુખ્ય માણસો જ ઊભા હોય (ગુરુદેવને આહાર માટે). એ બધું છોડીને પરિવર્તન કર્યું. એટલી એમની પ્રતિષ્ઠા હતી સંપ્રદાયમાં. કાનજીસ્વામી આ સ્થાનકવાસી સંપ્રદાય સાચો માનતા નથી અને બીજું સાચું માને છે એ જરાક એ લોકોને ખબર પડી ગઈ. પણ કાનજીસ્વામી જે કરે એ સાચું જ હોય. એમાં ખોટું ન હોય એવું કેટલાકને હૃદયમાં વસી ગયું હતું. બીજા કેટલાક ક્રિયાકાંડીઓ નીકળે.

આટલા વર્ષો ફર્યા એટલે બધાના હૃદયમાં ગરી ગયા હતા. કે (કાનજીસ્વામી) જે કહે છે એ આત્માની જ વાત કરે છે. એમની આત્માના જ્ઞાનની એટલી છાપ અને ક્રિયાકાંડની એટલી છાપ. ચારેકોર એટલી છાપ પડી હતી. બધા ધીરે ધીરે અહીંને અહીં વળતા આવ્યા. સંપ્રદાયને સંપ્રદાયના. એટલું આહારમાં તો (ધ્યાન રાખે). આહારમાં, એના કપડાની અંદર કે સાધુએ આટલા જ હોય કપડા. એનાથી એક કપડું વધારે રખાય નહીં. એનો પરિગ્રહ કરાય નહીં.

તે દિવસના સાધુ (હતા) અત્યારના તો (સાધુ) બહુ કપડા રાખે છે. સંપ્રદાયની અંદર કેટલી જોડ કપડાં ને પટ્ટી રાખે? દરેક વસ્તુમાં છાપ એવી. સંપ્રદાયમાં. કાનજીસ્વામીએ સંપ્રદાય છોડ્યો. એમ કરતાં બે વર્ષમાં તો કેટલુંય માણસ આવવા માંડ્યું. માણસોના હૃદયમાં ગરી ગયા હતા અને એજ માણસો પાછા અહીં આવવા લાગ્યા.

❀ બહેનશ્રી : કાનજીસ્વામીએ છોડ્યું કેમ ? જે એમણે કર્યું એ વિચારીને જ કર્યું હશે. એ કરે એમાં ખોટું હોય જ નહીં. એવા કેટલાય આત્માર્થીઓનું કહેવું એમ હતું. ગુરુદેવ તો ક્ષમાના ભંડાર હતા. બધાને ક્ષમા આપનારા હતા. ગુરુદેવના દિલમાં તો કાંઈ હતું જ નહીં. મુમુક્ષુ : (ક્ષમાના ભંડાર હતા. ગુરુદેવ તો હંમેશા એમ જ કહેતા. પૂર્વની વાતો ભૂલી જાવ.) એમ જ કહે કે યાદ કરીશ નહીં.

❀ બહેનશ્રી : ગુરુદેવ કહે કે પાત્રા રંગવા અને આવી પ્રવૃત્તિ અમને શોભે નહીં. તો એમના ગુરુ કહે કે પાત્રા વગરના ગુરુ શોધી લેજે. ગુરુદેવે ગુરુ ગોતી લીધા.

❀ બહેનશ્રી : સાધુ આવ્યા છે એમ ખબર પડે તો એમને માટે થઈને બધું કરવા માંડે નહીં તે માટે પહેલા ગામની બહાર બેસે. એમના હીરાજી મહારાજ, ગુરુદેવ અને બે ત્રણ જણ, ગુરુદેવ કહે કે આપણે ગામમાં જઈશું તો અત્યારે આહારનો ટાઈમ છે તો આપણા માટે બધું કરવા લાગશે. બહાર પાદરમાં. ટાઈમ થાય ત્યારે જાશું. કોઈએ આપણી માટે કંઈ કરવું ન જોઈએ. કાંઈ ઘરમાં ન હોય તો એકલા છાશ અને રોટલાથી ચલાવશું. અગર રોટલા ન મળે તો એકલા છાશથી ચલાવતા હતા. ઘણી વાર પાણી ન મળે. ગામમાં લોકો પાસે ગરમ પાણી કરેલું ન હોય તો છાશથી ચલાવે એવી જોરદાર એમની ક્રિયા હતી. પછી એમને વિચારીને લાગ્યું કે આ બધું તો બહારનું. કરવાનું બધું અંતરમાં છે. એટલે પછી એમને એમ લાગ્યું કે આ સંપ્રદાય ને બધું ખોટું છે અને માર્ગ તો આ સાચો છે કુંદકુંદાચાર્ય કહે છે એ સાચું છે. એક દિગંબર માર્ગ સાચો છે. એ

તો માણસો એટલા એમના માટે ત્યાં તૈયાર હતા, જેમ કહે તેમ કરવા તૈયાર હતા. સ્થાનકવાસી શાસ્ત્રમાં આવે છે. (ગુરુદેવને લાગ્યું કે) આ લોકો અશુભ કરે છે. આ લોકો કરે છે એ ખોટું છે. આમાં પ્રતિમા આવે છે. એ બધું પોતે શોધી કાઢ્યું. ચૈત્ય ચૈત્ય આવે છે. 'ચૈત્ય'નો અર્થ આ લોકો જ્ઞાન કરે છે. ચૈત્યનો અર્થ પ્રતિમા છે. (એમ ગુરુદેવે કહ્યું.)

❀ બહેનશ્રી : એમની વાણીમાં ચમત્કાર, એમના આત્મામાં, જ્ઞાનમાં ચમત્કાર ભર્યો છે. એમના ઉપકારનું હું શું વર્ણન કરું?

❀ બહેનશ્રી : જરીનો પોષાક ગુરુદેવને વળાના દરબારથી આવ્યો હતો. એ ગુરુદેવે પહેર્યો હતો. માથે ફેટો બાંધ્યો હતો અને બે જણ ચામર ઢાળતા હતા. એ ગંગાબેનને પૂછ્યું હતું (તેમણે કહ્યું) કે બે જણા ચામર ઢાળતા હતા હાથીની અંબાડી ઉપર. એવી રીતે ગુરુદેવ દીક્ષા લેવા નીકળ્યા હતા.

✻ પ્રશ્ન : પરિવર્તન કરવામાં પૂજ્ય ગુરુદેવે મહાન વીર્ય ફોરવ્યું હશે. તેમાં કેવા કેવા પરિબળો કામ કર્યા હશે એ આપ કૃપા કરીને સમજાવો. તો ગુરુદેવના મંગળ ગુણો વિષે કંઈક ખ્યાલ અમને આવે.

● ઉત્તર : ગુરુદેવને તો પહેલેથી નક્કી થઈ ગયું અમુક ટાઈમ પછી કે આ સંપ્રદાય જુદું (કહે છે) અને આ બધા લોકો જુદું કહે છે. એટલે એમના હૃદયમાં જ એમ થઈ ગયું હતું કે આ બધું છોડવા જેવું છે. એમણે નક્કી કર્યું હતું કે આ બધું—સ્થાનકવાસી સંપ્રદાય છોડવા જેવો છે. પહેલા તો સ્થાનકવાસી સંપ્રદાયમાં બરાબર ક્રિયાઓ પાળતા. બરાબર. એમાં જરાય ફેર ન પડે. એના શાસ્ત્રમાં જે લખ્યું હોય એ પ્રમાણે જ (એની ક્રિયાઓ) પાળે. અને વોરવાની, આહારની, વિહારની એ બધી ક્રિયાઓ ગુરુદેવ શાસ્ત્રમાં જે લખ્યું હોય એ જ બધું કરતા. એમાં જેટલા કપડા રાખવાનું લખ્યું હોય, જે પ્રમાણે વિહાર કરવાનું આટલો, એ બધું એમ જ કરતા. એ પ્રમાણે

વોરવાની ક્રિયાઓ એ બધી જે પ્રમાણે શાસ્ત્રમાં આવે તે પ્રમાણે જ હોય. એમાં જરાય ફેર ન પડે એવી રીતે જ કરતા હતા. બીજા સાધુઓ કેટલા કપડાના ઢગલા કરે! કેટલાક આમ કરે એવું બધું ગુરુદેવ નહોતા કરતા. એક ગામમાં અમુક દિવસોથી વધારે રહેવાય નહીં. એ પ્રમાણે ગુરુદેવ કરતા હતા. બરાબર. સ્થાનકવાસી સંપ્રદાયમાં તો મુખ્ય સાધુ-મહાન સાધુ કહેવાતા હતા. એ વોરવા જાય તો એમાં જરા ફેર પડે, કાંઈક કોઈ જુવારને અડી જાય, કોઈ પાણીને અડી જાય. એમના માટે બનાવ્યું એમ ખબર પડે તો તરત પાછા એવી રીતે વળે જેમ વીજળીના ઝબકારાની જેમ. જરાય જુએ નહીં. બીજાને તો આઘાત લાગી જાય કે આ મહાપુરુષ અમારે આંગણે આવીને અને પાછા વળી ગયા. ફરી ગયા. એવી એમની ક્રિયા, વોરવા પધારે તો બધા ધ્રુજે કે આપણાથી કાંઈ ભૂલ ન થઈ જાય એવી સખત ક્રિયાઓ પાળતા. એને બીજા સાધુ તો 'આ છે આ છે'. એવી રીતે કરતા. પણ ગુરુદેવ કહે 'આમ નહીં આમ'. નિઃસ્પૃહ જેવી એની ક્રિયાઓ હતી જોરદાર. સ્થાનકવાસી સંપ્રદાયમાં પણ. એમાંથી એમને ખ્યાલ આવ્યો કે મુનિપણું તો કાંઈક બીજું જ છે. આ મુનિપણું આ નથી. મુનિપણું તો દિગંબર કુંદકુંદાચાર્ય દેવે કીધું એ મુનિપણું છે. આ નથી. એટલે એમને ફેરફાર કરવાનો વિચાર આવ્યો. રહેવું ત્યાં આમાં અને આ બધી ક્રિયાઓ આ બધી ને મુનિદશા તો જુદી જ હોય છે. આ બધું જુદું છે. એટલે એમને ફેરફાર કરવાનો વિચાર આવ્યો. પછી એમને એમ થયું કે આ બધું ખોટું છે. પણ એમની પ્રખ્યાતિ એટલી કે (એમને એમ થયું કે) આ સંપ્રદાયને ધક્કો વાગશે પછી. એટલે કેવી રીતે ફેરવવું? બહુ વિચાર કર્યો. જ્યાં બંધન ન હોય સ્થાનકવાસીના વાડાનો. (ત્યાં જવું) શાંત સોનગઢના વાતાવરણમાં આવ્યા. સોનગઢની અંદર કોઈ હતું નહીં ને! કોઈ સ્થાનકવાસીનું જોર ન હતું. એટલે અહીં આવ્યા. અહીં હરગોવિંદભાઈ અને એ બધા હતા. હીરાભાઈના બંગલામાં બધું

નક્કી થયું. પણ છોડ્યું ત્યારે પછી ખૂબ વિરોધ થયો. બધા વિરોધી છાપા બહુ જ નીકળ્યા. બધા પૂછતા હતા કે આ બધું છોડ્યું છે ગુરુદેવે. ઘણા તો એમ જ કહેતા હતા કે ‘તમે બધું કર્યું એ બરાબર જ છે’. ધીમે ધીમે બધા પછી તો વળવા માંડ્યા.

*** પ્રશ્ન : ખાસ કરીને જે સમજદાર વર્ગ હતો, ‘ગુરુદેવે એ બધું સમજીને જ કર્યું હશે’ એમ માનતા.**

● ઉત્તર : (ગુરુદેવે જે કર્યું એ) સમજીને જ કર્યું હશે એવું કેટલાકના હૃદયમાં ગુરુદેવ બેસી ગયા હતા એ બધું આત્માના અર્થે જ કરનારા છે. સમજીને જ કરનારા છે. એમનું જ્ઞાન કાંઈક જુદું જ છે. એવું બધા માનતા હતા તે બધા પછી તો ઢળવા માંડ્યા. પહેલા તો બહુ વિરોધ થયો. વિરોધી છાપા આવ્યા એટલે. અમુક જણ તો (કહેતા) ‘ગુરુદેવ, આપ જ્યાં જશો ત્યાં અમે આવશું. આપ જે કહો તે કબૂલ છે’. કેટલાક ભાઈઓ, કેટલાક બહેનો બધા તૈયાર હતા. અને જોરાવર નગરમાં ઘણાને પૂછતા હતા. ગુરુદેવ, દાસભાઈ અને મગનભાઈ બધાને કહેતા હતા. પહેલા તો જોરાવરનગરમાં (પરિવર્તન) કરવું હતું ને? પણ ત્યાં બધા જોરાવરનગરમાં ચારેબાજુ સ્થાનકવાસી, સુરેન્દ્રનગરમાં સ્થાનકવાસી, વઢવાણમાં સ્થાનકવાસી. વચ્ચે જોરાવરનગર એ નાનું તો ખરું. પણ આ વચ્ચે રહેવું તો વિરોધ થાશે એટલે પછી આ બાજુ આવ્યા. શ્રીમદ્‌ના આશ્રમવાળા કહેતા હતા કે અમારા આશ્રમમાં પધારો. ગુરુદેવ કહે કે ‘હું એવી રીતે રહી ન શકું. હું તો કુંદકુંદાચાર્યદેવનો માર્ગ પ્રવર્તન કરીશ’. વનેચંદ શેઠ વાંકાનેરના હતા એમણે એમ કીધું કે અમારા આશ્રમમાં શ્રીમદ્‌ના– ગુરુદેવ પધારો પણ ગુરુદેવ કહે ‘હું એમ રહી ન શકું. હું તો કુંદકુંદાચાર્યનો માર્ગ પ્રકાશ કરીશ’. ઘણા વિચારો પછી ગુરુદેવે છોડ્યું. કેટલાક તો માનતા હતા કે ‘ગુરુદેવ જે કહે એ બરાબર છે’. કેટલાક બહેનો, કેટલાક ભાઈઓ. પહેલાં અહીં સોનગઢની અંદર તો બહુ માણસો નહીં. કાયમી રહેનારા થોડા. એટલે હીરાભાઈના

બંગલામાં, ગુરુદેવે હજારોની માનવમેદનીમાં પોતે વ્યાખ્યાનો આપ્યા. ગુરુદેવ કહે કે આપણે તો આત્માનું કરવું છે. હીરાભાઈના બંગલામાં વચલો હોલ છે. એમાં વાંચે. એક બાજુ ભાઈઓ અને એક બાજુ બહેનોની, બસ એ બે જ લાઈન. એટલા જ માણસો શરૂઆતમાં તો. પછી ધીરે ધીરે બધા વધતા ગયા. પહેલાં જ ચોમાસામાં વધારે આવ્યા. બોટાદથી અને બધેથી ખૂબ આવ્યા. પછી ધીમે ધીમે વધતા ગયા. કાયમ રહેનારા તો બહુ થોડા હતા. પછી માણસ વધે ને એટલે હીરાભાઈની ઓસરીમાં વાંચવા લાગ્યા. ઓસરીમાં બધું સમાઈ જતું. એટલામાં ગુરુદેવ કહે આપણને તો શાંતિ છે. એટલામાં શાસ્ત્રોને બધું ખૂલ્લું રાખતા પણ એ સ્થાનકવાસીના છાપામાં વિરોધ તો બહુ જ આવતો. ગુરુદેવે પરિવર્તન કર્યું કે સંપ્રદાય સ્થાનકવાસીનો છોડ્યો અને કાંઈક કાંઈક છાપામાં આવતું.

**✻ પ્રશ્ન : શ્રાવિકા આશ્રમમાં રહ્યા'તા ગુરુદેવ?**

● ઉત્તર : શ્રાવિકા આશ્રમમાં રહ્યા નથી. ગુરુદેવ ત્યાં રહ્યા નથી. એ તો ત્યાં ગુરુદેવને આમંત્રણ આપે આવવાનું. કાંઈક દિવસ હોય ને ! મહાવીર જયંતી. તે વખતે આમંત્રણ આપે કે અહીં પધારો ત્યારે ગુરુદેવ જાય ત્યાં. બાકી ગુરુદેવ ત્યાં રહ્યા નથી. એ લોકોને કંઈ પ્રોગ્રામ હોય ને ભક્તિ ને એવો ત્યારે એ બોલાવે ત્યાં એટલે જતા બાકી ગુરુદેવ કંઈ ત્યાં રહ્યા નથી.

**✻ પ્રશ્ન : ગુરુદેવ પ્રવચન ક્યાં આપતા હતા?**

● ઉત્તર : ગુરુકુળમાં. પર્યુષણ હોય ને. તરત જ માણસ વધારે આવ્યું. એ હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ એ નાનકડા હીરાભાઈના બંગલે બેઠા બેઠા વાંચતા હોય.

**✻ પ્રશ્ન : અંતરની કેટલી બધી નિઃસ્પૃહતા કે આટલું બધું બહારમાં માન હોય, પણ (એમને તો એમ જ કે) મારે મારું આત્માનું કરવું છે એટલું જ ધ્યેય.**

● ઉત્તર : બહાર કાંઈ બીજું અને અંતર કાંઈ બીજું એવું નહીં. એમણે છોડી દીધું બધું.

* પ્રશ્ન : સ્થાનકવાસીવાળા કહે તમે અહીં શાસ્ત્ર વાંચો.

● ઉત્તર : સ્થાનકવાસીવાળાએ બહુ કીધું. એમને ખબર પડી ને! રાજકોટમાં મોહનભાઈએ ખૂબ કીધું, 'અહીં તમે સંપ્રદાયમાં રહો. તમારે જે વાંચવું હોય એ વાંચો. બંગલો કરી દઈએ તમને. એમાં રહો. મારા સ્થાનકવાસીને ધક્કો વાગે છે કે આ ખોટું છે'. (ગુરુદેવે કહ્યું) 'તમારે જે કરવું હોય તે કરો, મારે અહીંયા નથી રહેવું'. ગુરુદેવે શરૂઆતમાં ઘણા સમય સુધી તો વિહાર જ ન કર્યો. પછી જ્યારે વિહાર કર્યો તો ત્યારે વિરોધ. પહેલા એક વાર વિરોધ નહીં પણ, ૯૯ ની સાલમાં તો બહુ વિરોધ થયો. દરેક ગામે ગુરુદેવના ભક્ત બધા ઉતરી પડતા સ્વાગત કરવા. એટલો વિરોધ થયો પછી. સાથે સાથે પૂનમચંદજી મહારાજ ફર્યા કરે. જયાં ગુરુદેવ આહાર લેવા જાય ત્યાં બીજી ગલીમાં એ આહાર લેવા જાય. ગુરુદેવની સાથે ભક્તોના ટોળા હોય અને ગુરુદેવનું સ્વાગત કરે અને બીજી બાજુ ઓલાનું સ્વાગત કરે. એટલો બધો વિરોધ. પણ ગુરુદેવના સ્વાગતમાં માણસો એટલા. એ આહાર લેવા પધારે તો માણસો એટલા. ઓલા સામે આવ્યે દરેક ગામમાં ઉતરે. જ્યાં ગુરુદેવ જાય ત્યાં એ (પૂનમચંદજી) આહાર લેવા પધારે તો એની હારે કોઈ હોય નહીં, એ પણ જાય અને એ પણ ઉતરે.

* ભક્તિ : જગ ઉદ્ધારક, ધર્મ પ્રભાવક જો (૨),
કરુણામૂર્તિ શાસનનાયક,(૨) અમ જીવન આધાર,
બોલો જય જયકાર, બોલો બોલો જયજયકાર.

* ગુરુદેવની વાત કીધી ને પછી ગુરુદેવ વ્યાખ્યાનમાં બોલતા હતા બહુ શરૂમાં. 'ત્રિલોકીનાથે ચાંદલો કર્યો પછી બીજું શું જોઈએ'. હીરભાઈના બંગલામાં ગુરુદેવ. ત્યારે ૯૩ ની સાલ હતી વ્યાખ્યાનમાં બોલતા હતા ત્યારે જેને ખબર હોય એને ખબર પડે. બાકી ગુરુદેવ બહાર કંઈ બોલતા નહોતા. કે 'આ હું આ' એ તો બહુ

જ ખાનગી હતું ત્યારે બહાર નહોતા બોલતા. વ્યાખ્યાનમાં આવે તો જેને ખબર હોય એને ખબર પડે કે આ અર્થમાં બોલે છે. 'ત્રિલોકીનાથે જેને ચાંદલો કર્યો એને હવે શું જોઈએ. પોતાને તો અંદર હતું જ. એ કાંઈ મને ખબર નહોતી. એ માને છે એ કંઈ મને ખબર નહોતી કે ગુરુદેવ શું પોતાને માને છે? મને એવું લાગતું હતું કે 'આ મહાપુરુષ છે. પણ ગુરુદેવ તીર્થંકર છે' એવું મારા મગજમાંય નહોતું. એ તો મને (જાતિસ્મરણ) આવ્યું એમાંથી ખબર પડી. ગુરુદેવને કહેતા કહેતા મને એમ થાતું હતું કે ગુરુદેવને હું કહું તો ગુરુદેવને શું લાગશે? છતાં મેં હિંમત કરીને કીધું તો ગુરુદેવને એકદમ પ્રમોદ આવ્યો. પોતે તો અંદર માનતા હતા. પણ ઈ માને છે એવું મને ખબરેય નહોતી.

✻ પ્રશ્ન : આ તો મેળ ખાઈ ગયો?

● ઉત્તર : હા, આ તો મેળ ખાઈ ગયો એટલે ગુરુદેવે પછી 'ૐ ની ને હું તીર્થંકર છું એમ મને આવે છે' એ બધી વાત પછી કરી. (પાછળથી કરી) કે ઉવાર ૐ આવ્યો.

✻ પ્રશ્ન : રાજકુમારનું?

● ઉત્તર : એ રાજકુમારનું તો ગુરુદેવને સ્વપ્નું આવ્યું હતું દીક્ષા લીધા પછી. કે 'હું રાજકુમાર છું. મોટું શરીર છે. અહીંના શરીર નહીં કંઈ. ઈ શરીર જુદું. એમ કહેતા હતા. એ બધા ફેંટો અને જરીના કપડા. એ બધું સીમંધર ભગવાને કીધું છે આ રાજકુમાર તીર્થંકર થવાના છે. એ શબ્દો હતા 'ભવિષ્યે તીર્થંકર થવાના છે'. સીમંધર ભગવાનની વાણીમાં આવ્યું છે કે 'આ રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના છે.'

❀ બહેનશ્રી : ભગવાનનું સમોસરણેય જુદું અને એ ભગવાને ય જુદા. અને વાણી ય જુદી. અને એ બધા સાંભળનારા દેવ અને દેવીઓ, રાજા અને રાણીઓ, મુનિ, અર્જિકાઓ લાખો શ્રાવક શ્રાવિકાઓ. એ સભા ય જુદી અને ઉત્સાહ પણ જુદો. (એ વખતે

આવું કીધું હશે.) (મને) આ રાજકુમાર યાદ આવે, એ સમોસરણ યાદ આવે કે 'આ રાજકુમાર—આ તો તીર્થંકર છે' એમ યાદ આવે. ભગવાનની વાણીમાં આવ્યું બધું ભેગું થઈ ગયું. ભગવાનની વાણીમાં આવ્યું છે કે આ તો તીર્થંકર થવાના છે.

❀ બહેનશ્રી : વાંકાનેર અને ઉમરાળા ને બધે જાગૃત અવસ્થામાં, વિંછીયામાં તો જાગૃત અવસ્થામાં. (ૐ આવ્યો) પ્રતિક્રમણ કર્યા પછી અપાસરામાં. વૈશાખ વદ આઠમના. આ છાપ્યું છે અભિનંદન ગ્રંથમાં. હજારો દેવો વાજા વગાડે છે.

✻ પ્રશ્ન : રેકોર્ડિંગ અસ્પષ્ટ છે (ૐ બાબતે છે.) ૐ સ્વાધ્યાયમંદિરમાં ચડાવ્યો છે. ફાગણ સુદ એકમે ચડાવ્યો છે.

✻ ગુરુદેવે નારણભાઈને પૂછ્યું હતું કે આ ૐનો શું અર્થ? નારણભાઈએ કહ્યું કે તમે તીર્થંકર પાસેથી આવ્યા છો,

● ઉત્તર : તીર્થંકર પાસેથી આવ્યા છો અને તમે પોતે જ તીર્થંકર છો અને એની ૐ ધ્વનિ છૂટે છે. ૐ સાંભળીને આવ્યા અને ભવિષ્યમાં ઓમ છૂટશે) ઉજમબાનો ૐ, ઉમરાળાનો ૐ અને ભવિષ્યનો ૐ. એમ ત્રણ વખત આવ્યું. ૐ નીકળે છે પોતાને ૐ સંભળાય છે. એમને તો દીક્ષા લીધા પછી તરત આવ્યું હતું. જરીના કપડા અને પોતાને એમ આવ્યું કે 'હું તીર્થંકર છું'. એ આવ્યું હતું.

❀ બહેનશ્રી : કોઈની હોય નહિ એવી પંચમકાળમાં કેવી વાણી હતી? એકલો આત્મા જ બતાવતા હતા. વાણી એવી કે બધાને મુગ્ધ કરી દે. બધા એક ટસે સાંભળતા. (ચમત્કારી વાણી. એવું લાગતું હતું કે કંઈ નવું જ કહે છે.) નવું જ લાગે છે. કોઈક નવું જ કહે છે.

✻ પ્રશ્ન : ગુરુદેવની વાણીનું મુખ્ય સ્વરૂપ 'હું પરમાત્મા છું એ કે પરનું અકર્તાપણું?

● ઉત્તર : 'હું પરમાત્મા છું' એ મુખ્ય સ્વરૂપ. એમ પોતાની

અસ્તિ ગ્રહણ કર. તું જ્ઞાયક, પરમાત્મા છું' એમ ગ્રહણ કર તો એમાંથી પરમાત્મા પદ પ્રગટ થશે. એમાં અકર્તાપણું આવી જાય છે. પરમાત્માને ગ્રહણ કરે એમાં બધું સમાય જાય છે. અસ્તિ ગ્રહણ કરે એમાં નાસ્તિ સમાય જાય છે. પર પદાર્થનો કર્તા નથી. તું પોતે જ પરમાત્મા છો સર્વોત્કૃષ્ટ. હું પરમાત્મા, જ્ઞાયક પરમાત્મા, જાણનારો પરમાત્મા, કર્તા નથી. પરમાત્માનું સ્વરૂપ વિચારે. હું પરમાત્મા. કેવો પરમાત્મા? જ્ઞાયક પરમાત્મા. અનંત શક્તિઓથી ભરેલો ભંડાર જ્ઞાયક આવ્યો, જાણનારો આવ્યો. પરમાત્મા આવ્યો એમાં કર્તાપણું છૂટી ગયું. જાણે તે કર્તા નહીં. કર્તા તે જાણે નહીં.

કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા,
જો કર્તા સો જાને નહીં કોઈ, જાને સો કર્તા નહીં હોઈ.

## ઓ કહાન તેરે

ઓ કહાન તેરે દર્શનકા બસ એક હી સહારા હૈ
વિદેહક્ષેત્ર ઢૂંઢા તુઝે ભરક્ષેત્ર પાયા રે
સૌરાષ્ટ્રમેં ઢૂંઢા તુઝે ઉમરાળામેં પાયા રે....ઓ કહાન
નગર-નગર ઢૂંઢા તુઝે, સોનગઢમેં પાયા રે,
સંતોમેં ઢૂંઢા તુઝે, ગુરુરૂપે પાયા રે... .......ઓ કહાન
શાસ્ત્રોમેં ઢૂંઢા તુઝે, સમયસારમેં પાયા રે,
પર્યાયોંમેં ઢૂંઢા તુઝે, સ્વભાવમેં પાયા રે.....ઓ કહાન
ઘર-ઘરમેં ઢૂંઢા તુઝે, ઘટ-ઘટમેં પાયા રે
ભક્તોંમેં ઢૂંઢા તુઝે, ઉનકે હૃદયમેં પાયા રે..ઓ કહાન
મંદિરોંમેં ઢૂંઢા તુઝે, સીમંધર ચરનોંમેં પાયા રે
સ્વાધ્યાયમંદિર ઢૂંઢા તુઝે, કુંદકુંદ ચરનોંમેં પાયા રે
તેરી વાણી સુનકરકે નિજમેં જમ જાના હૈ...ઓ કહાન